# જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કસાલ ,સેકન્ડ કોર્ટ, મુ. સુરત.

**ક્રિ.કેસ નં.______/_____.**

**આંક :____**

**ફરીયાદી :** શ્રી સરકાર.

વિરુધ્ધ...

**આરોપી :**

ગુન્હો : ઈ.પી.કો. કલમ : ૨૭૯ મુજબ.

**// ઠ રા વ //**

ફરીયાદ પક્ષના કેસની વિગત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાંા જણાવેલ વિગતે ગુન્હો કરેલ છે.

આરોપીએ આજ રોજ ઉપસ્થિત થઈ ગુન્હો કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીને સજા અંગે માહીતગાર કરેલા છે.ત્યારબાદ આરોપીનુ નિવેદન લેતાં આરોપીએ ગુનો કબુલ કરવાનું જણાવી ,પોતાની ગુન્હા કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, આ તેનો પ્રથમ વખતનો ગુન્હો છે, તેઓ ગરીબ વર્ગના માણસ છે. તેમના અને કુટુંબના ભરણ પોષણ અંગેની જવાબદારી તેમના શીરે છે અને આ ગુના બદલ તેઓને પસ્તાવો થયેલ છે અને આવો ગુન્હો ફરીથી નહીં બને તેવી ખાતરી આપી ના.કોર્ટ પાસે રહેમ અને દયાની અરજ કરેલ છે. આરોપીની સ્વેચ્છીક ગુના કબુલાત તથા ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ આરોપીને હળવી સજા કરવામાં આવે તો તે ન્યાયનો હેતૂ જળવાઈ રહેશે તેમ હું માનુ છું તેથી નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે

**// હુ ક મ //**

આરોપીને ક્રિ.પ્રોસીઝર કોડની કલમ : ૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ : ૨૭૯ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી ઈ.પી.કો. કલમ : ૨૭૯ માં રૂ. ૫૦૦ /– નો દંડ /–(શબ્દોમાં રૂપિયા પાંચસો પુરાનો દંડ) અને દંડ ન ભરે તો દિન–૨ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ : ૧૩ મી માહે :મે , સને.૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી હુકમ જાહેર કર્યો.

તારીખ :૧૩/૦૫ /૨૦૨૩.
સ્થળ : સુરત

( જે.એસ.જાદવ )

( જજીસ કોડ નં.– જી.જે. ૦૧૪૨૪)

જયુડી.મેજી.ફ.ક. સેકન્ડ કોર્ટ,સુરત.